# જિલ્લામાં સંક્રમણ વધ્યું : નવા ૩૪૯ કેસ

**માણસાના વરસોડામાં ૩ માસનું બાળક સંક્રમિત થયુ : મહિલા દર્દીઓની સંખ્યા વધતાં તંત્રની ચિંતા વધી : દહેગામમાં ૧૨, કલોલમાં ૪૩, માણસામાં ૪૫, ગાંધીનગરમાં ૬૪ કેસ નોંધાયા : શહેરના સે. ૧૩ માં ૧૩, સે. ૨૭ માં ૧૦, સે. ૬ અને ૨૧ માં ૮-૮ કેસ, સે. ૫ માં ૭, ૩-એ-ન્યુ માં ૬ કેસ : કુડાસણમાં ૧૨ કેસ, સરગાસણમાં ૧૫, વાવોલમાં ૧૬, બોરીજ, જીઈબી, કોલવડામાં ૬-૬ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં સતત ત્રીજે દિવસે પણ ૩૦૦ થી વધુ કેસ નોંધાયા છે. જિલ્લામાં આજે નવા ૩૪૯ કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૭૮અને શહેરમાં ૧૭૧ નવા કેસ નોંધાયા છે. જિલ્લામાં કોરોનાનો સંક્રમણ દર છેલ્લા ત્રણેક દિવસથી સ્થિર થતો દેખાઈ રહ્યો છે. જિલ્લામાં મૃત્યુ પણ ઘટવા પામ્યા હોવાનું તંત્રના સૂત્રો કહી રહ્યા છે.

જો કે જિલ્લામાં ઓક્સિજનની માંગ વધી છે તેમજ દવાઓની માંગમાં પણ વધારો થયો છે. જિલ્લામાં કોરોનાનું સંક્રમણ ગ્રામ્ય વિસ્તારમાં વિસ્તરી રહ્યુ છે. શહેરમાં તે થોડુક સ્થિર થયાનું મનાઈ રહ્યું છે. જો કે હોસ્પિટલોમાં હજુ પણ બેડ મળતા નથી. આજે ઓક્સિજનની અછતને પગલે સિવિલ હોસ્પિટલમાં નવા એડમિશન પર રોક લગાવવામાં આવતાં એમ્બ્યુલન્સોની લાઈનો થઈ ગઈ હતી.

જિલ્લામાં વધતા જતા કેસોને પગલે તંત્રની દોડધામ વધી છે. તેમજ સેનીટાઈઝેશનની કામગીરીને વેગીલી બનાવવામાં આવે તેવી માંગ સતત વધી રહી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં એમાંય અંતરિયાળ ગામોમાંથી કેસો મળી રહ્યા છે તેણે તંત્રને સતત દોડતુ રાખ્યુ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વેક્સિનેશનની કામગીરી પણ ધીમી પડી જવા પામી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં દહેગામમાં ૧૨, કલોલમાં ૪૩, ગાંધીનગરમાં ૬૪, માણસામાં ૪૪ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૬૪ મહિલા દર્દી, ૨૩ ખેડૂત, ૮ વિદ્યાર્થી, ૧૦ કર્મયોગી ઉપરાંત નાના ધંધાના વેપારીઓ, ખાનગી નોકરી કરતા યુવાનો સંક્રમિત થયેલા જણાયા છે. જિલ્લામાં મહિલા દર્દીઓની વધતી જતી સંખ્યાએ તંત્રની ચિંતા વધારી છે.

જિલ્લામાં આજે નોંધાયેલા કેસોમાં ૮ દર્દીઓની આયુ ૨૦ થી પણ નીચે છે. માણસા તાલુકામાં વરસોડા ગામેથી ૩ માસનું બાળક સંક્રમિત થયાનું જણાતાં તંત્ર હચમચી ઉઠ્યુ છે. છેલ્લા ૧૫ દિવસમાં એક વર્ષથી ઓછી આયુ ધરાવતા પાંચથી વધુ બાળકો સંક્રમિત થયેલા મળી આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં યુવાઓ તેમજ નાના બાળકો અને વિદ્યાર્થીઓ જે રીતે સંક્રમિત થઈ રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૫ દર્દીને સઘન સારવાર જરૂરી જણાતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

જિલ્લાના દહેગામ તાલુકામાં આજે ૧૨ કેસ નોંધાયા છે. દહેગામ અર્બનમાંથી ૨, લક્ષ્મીપુરા કંપા ગામેથી ૨, વડવાસા ગામેથી ૨ કેસ મળવા ઉપરાંત ધનિયોલ, જૂના બાબરા, રખિયાલ, હાલીસા, નાંદોલ, સાણોદામાંથી પણ કેસ મળી આવેલ છે.

ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોના શરૂઆતથી જ બેખોફ વિસ્તરી રહ્યો છે. તાલુકામાં આરોગ્ય સેવાઓ કથળી ચુકી છે. પાટનગર તાલુકાની ઓળખ ધરાવતા ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારમાં જનજીવન સંપૂર્ણ ખોરવાઈ જવા પામ્યુ છે.

તાલુકામાં આજે ૬૪ કેસ નોંધાયા છે તેથી તંત્ર પણ હડકંપ અનુભવી રહ્યુ છે. ગાંધીનગર તાલુકામાં વધતા જતા કેસોથી તંત્રની ચિંતા હવે વધુ ઘેરી બની છે.

તાલુકાના સાદરા ગામેથી ૭ કેસ, ઉવારસદ અને સરઢવમાંથી ૬-૬ કેસ, ડભોડા, ચંદ્રાલા, પ્રાંતિયા ગામેથી ૫-૫ કેસ, દોલારાણા વાસણા, જાખોરામાંથી ૪-૪ કેસ, મોટા ચિલોડા, શાહપુર, રૂપાલ ગામેથી ૩-૩ કેસ તેમજ પુન્દ્રાસણ, ધણપ, મહુન્દ્રા, રતનપુર, ઉનાવા, શેરથા, ગલુદણ, કરાઈ, મગોડી ગામેથી પણ કેસો મળી આવેલા છે.

કલોલ તાલુકામાં આજે ગઈકાલની તુલનામાં કોરોનાની રફતાર સ્હેજ ધીમી પડી હોવાનું જણાઈ રહ્યુ છે. તાલુકામાં કેસો વધી રહ્યા હોવાથી તંત્રની દોડધામ પણ વધી જવા પામી છે. ગ્રામ્ય વિસ્તારમાં કેસો વધવાની સાથે કલોલ શહેરમાં પણ કેસો વધી રહ્યા છે.

કલોલમાં આજે ૪૩ કેસ નોંધાયા છે. જેમાં કલોલ શહેરમાં ૨૫ કેસ નોંધાયા છે. કલોલ અર્બન-૧ વિસ્તારમાં ૧૮ કેસ અને કલોલ અર્બન-૨ વિસ્તારમાં ૭ કેસ નોંધાયા છે. કલોલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં સઈજમાં પાંચ કેસ, ઈસંડ અને પલિયડ ગામેથી ૨-૨ કેસ તેમજ બોરીસણા, વડસર, છત્રાલ, નાસ્મેદ, પલોડિયા, સાંતેજ, બાલવા ગામેથી કેસો મળી આવ્યા છે.

માણસા તાલુકામાંથી આજે ૪૫ કેસ મળી આવ્યા છે. માણસા તાલુકાના વરસોડા ગામેથી ૩ માસનું બાળક અને માણસા અર્બનમાંથી ૯ વર્ષની દિકરી સંક્રમિત થયેલી મળી આવી છે. માણસામાં નાના ભૂલકાઓ સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

માણસા અર્બન વિસ્તારમાંથી આજે વધુ ૮ કેસ મળી આવ્યા છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજોલ અને ઈન્દ્રપુરા ગામેથી ૭-૭ કેસ, ઈટાદરામાંથી ૫ કેસ, ઈન્દ્રપુરા અને પુંધરા ગામેથી ૩ કેસ લોદરા, માણેકપુર અને અનોડિયા ગામેથી ૨-૨ કેસ મળવા ઉપરાંત ચરાડા, સમૌ, વિહાર, ખરણા, પરબતપુરા, કુવાદરા, અમરાપુર, ગ્રામભારતી, રામપુર, વરસોડા, દેલવાડ અને વેડા ગામેથી કેસ મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૩૫ દર્દીઓ સાજા થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં આજ સુધીમાં ૬૨૩૧ લોકો કોરોનામુક્ત થયા છે.

ગાંધીનગર શહેરમાં આજે નવા ૧૭૧ કેસ નોંધાયા છે. શહેરમાં આજે નોંધાયેલા કેસમાંથી ૩ દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૮૯ કેસ સેક્ટરોમાં અને ૬૭ કેસ શહેરમાં સમાવિષ્ટ નવા-જુના ગ્રામ્ય વિસ્તાર તેમજ જીઈબીમાં નોંધાયા છે. શહેરમાં કોરોનાનો સંક્રમણ દર સ્થિત થયાનું માની રહ્યુ છે. શહેરમાં સંવેદનશીલ વિસ્તારો જે અગાઉ પ્રથમ લ્હેરમાં કોરોના માટે હતા તે વિસ્તારોમાંથી કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. શહેરમાં કેસો વધ્યા હોવાથી તંત્રની દોડધામ પણ વધવા પામી છે.

શહેરના સેક્ટરોમાં નોંધાયેલા કેસોમાં સે. ૧૩ માં ૧૩, સે. ૨૭ માં ૧૦, સે. ૨૧ માં ૮, સે. ૫ માં ૭, સે. ૩-એ-ન્યુ માં ૬ કેસ, સે. ૨, ૧૨, ૧૯, ૨૩, ૨૯ માંથી ૩-૩ કેસ, સે. ૩, ૭, ૧૪, ૧૭, ૨૮ માંથી ૨-૨ કેસ, સે. ૨૪ અને સે. ૩૦ માંથી ૪-૪ કેસ નોંધાયા હોવા ઉપરાંત સે. ૧, ૨૦, ૧૬, ૨૬ અને ૨૫ માંથી પણ કેસ મળી આવ્યા છે. શહેરમાં સમાવિષ્ટ અન્ય ગ્રામ્ય વિસ્તારોમાં બોરીજ, જીઈબી અને કોલવડામાંથી ૬-૬ કેસ, સરગાસણમાંથી ૧૫, વાવોલમાંથી ૧૬, કુડાસણમાંથી ૧૨ તેમજ રાંદેસણ-રાયસણમાંથી ૨-૨ ઉપરાંત રાંધેજા અને પેથાપુરમાંથી પણ કેસ મળી આવેલ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૪ વિદ્યાર્થી, ૪ શિક્ષક, ૨ પોલીસ કર્મયોગી, ખાનગી ક્લીનીકનો કર્મચારી, સુપરવાઈઝર, મધર ડેરીનો કર્મયોગી, ટી.સી.એસ.નો કર્મચારી, સોફ્ટવેર ઈજનેર, ખાનગી કંપનીનો મેનેજર, એન્જીનીયર, બે સિક્યોરીટી ગાર્ડનો સમાવેશ થાય છે. શહેરમાં આજે સંક્રમિત થનારાઓની યાદીમાં ૬૫ મહિલા દર્દીઓનો પણ સમાવેશ થાય છે.

## સિવિલમાં ૩૫૦ થી વધુ દર્દીઓ ઓક્સિજન જરૂરીયાતવાળા છે

વૈશ્વિક મહામારી કોરોનાને પગલે રાજ્યમાં ઓક્સિજનની પણ અછત સર્જાઈ હોય તેમ છે. ગાંધીનગર કોવીડ હોસ્પિટલમાં ૪૦૦ થી વધુ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. જેમાં ૩૫૦ થી વધુ દર્દીઓ ઓક્સિજનની જરૂરીયાતવાળા છે. સિવિલમાં રોજના ૨૦ થી ૨૨ ટન ઓક્સિજનની જરૂરીયાત સામે સરકારી તંત્ર દ્વારા ૧૬ ટન ઓક્સિજનનો પુરવઠો આપવામાં આવતા ૪૮ કલાકથી હોસ્પિટલમાં નવા દર્દીને એડમીટ કરવામાં આવતા નથી. જેથી કોવીડ ઓપીડી બહાર ૧૦૮ની લાંબી લાઈનો દિવસ-રાત જોવા મળે છે. જ્યારે ઓક્સિજનનો જથ્થો ઓછો મળવાથી સિવિલ સત્તાધિશો પણ ચિંતિત નજરે પડી રહ્યા છે. સામાન્ય રીતે વપરાશના ૧૦ ટકા જેટલો ઓક્સિજન ઘટાડવાનો હતો પરંતુ સિવિલમાં ૨૦ થી ૩૦ ટકા સપ્લાય ઘટાડી દીધો છે. જેથી સિવિલ તંત્ર દ્વારા ઓક્સિજન જરૂરીયાતવાળા દર્દીઓને એડમીટ કરવામાં આવતા નથી.

## ગૃહમંત્રીએ તેમની ગ્રાન્ટમાંથી ફાળવેલ મોબાઈલ લેબ આવી પહોંચી




ગાંધીનગર જિલ્લામાં વધતા જતાં સંક્રમણને લઈ ગાંધીનગરના સાંસદ અને કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે મોબાઈલ લેબોરેટરીની ફાળવણી તેમની ગ્રાન્ટમાંથી કરી છે. આ મોબાઈલ લેબ કલોલ ખાતે આજે આવી પહોંચી છે. આ મોબાઈલ લેબમાં સેન્ટ્રીફ્યુઝ મશીન, બ્લડસેલ કાઉન્ટીંગ મશીન, બાયો કેમેસ્ટ્રી એનેલાઈઝર જેવી અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ છે. આ લેબ કલોલ તાલુકા સહિત જિલ્લામાં જ્યાં જ્યાં જરૂરિયાત હશે ત્યાં જશે. આ મોબાઈલ લેબનો રૂટ પણ તંત્ર દ્વારા નિયત કરાશે. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ લેબમાં હિમોગ્રામ, ટોટલ બ્લડ કાઉન્ટ, આર.ટી.પી.સી.આર. ટેસ્ટ, એસ.એફ.ટી., આર.એફ.ટી. હિમોગ્રામ, લ્પુટમ એક્ઝામિનેશન જેવી વિવિધ ટેસ્ટીંગની સુવિધાઓ તાલિમબદ્ધ સ્ટાફ દ્વારા પુરી પાડવામાં આવશે.

## ગાંધીનગર સરકીટ હાઉસના મેનેજર બાલકૃષ્ણ શુક્લનું દુઃખદ અવસાન

ગાંધીનગર સરકીટ હાઉસના મેનેજર બાલકૃષ્ણ શુક્લનું કોરોનાની સારવાર દરમ્યાન દુઃખદ અવસાન થયુ છે. સ્વ. શુક્લના અવસાનના સમાચારથી શહેરના બ્રહ્મસમાજમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી છે. માયાળુ, હસમુખા સ્વભાવથી તેમણે સરકીટ હાઉસના મેનેજર ઉપરાંતની આગવી ઓળખ ઉભી કરી હતી. લોકસાહિત્ય અને સંસ્કૃત પ્રત્યે તેમનો અનેરો પ્રેમ જાણીતો હતો.

## હોસ્પિટલનું નિર્માણ કાર્ય ઝડપથી શરૂ કરવા ડૉ. સી.જે. ચાવડાની માંગ

ગાંધીનગરમાં ૧૨૦૦ બેડની હોસ્પિટલ બનાવવાની જાહેરાત પછી હજુ આ હોસ્પિટલ ઉભી કરવાના સ્થળની પસંદગી આખરી થઈ નહિ હોવાનું જાણવા મળેલ છે. જુના હેલિપેડ મેદાનમાં બનેલ એક્ઝીબીશન સેન્ટરમાં આ હોસ્પિટલ બનાવવાની જાહેરાત થઈ હતી જો કે હવે તેના વિકલ્પે બીજે ક્યાં બનાવી શકાય તેના પર વિચારણા ચાલી રહી હોવાનું જાણવા મળેલ છે. દરમ્યાન ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ કેન્દ્રીય ગૃહમંત્રી અને ગાંધીનગરના સાંસદ અમીત શાહની જાહેરાત પછી હજુ સુધી આ હોસ્પિટલ બનાવવાની કામગીરી હાથ ધરાઈ ન હોવાને લઈ દુઃખદની લાગણી વ્યક્ત કરી છે. તેમણે શહેર અને જિલ્લામાં સતત કેસો વધી રહ્યા છે ત્યારે સત્વરે આ કામગીરી હાથ ધરાય અને ઝડપથી નિર્માણ કાર્ય પૂર્ણ થાય તો દર્દીઓને તેનો લાભ મળી શકે તેમ જણાવી ઝડપથી કાર્યવાહી શરૂ થાય તે જોવા સરકારને જણાવ્યુ છે.

# કોરોનાના વધતા સંક્રમણ વચ્ચે શોપિંગ બજારમાં સોશિયલ ડીસ્ટન્સીંગનો અભાવ

**સેકટરોમાં સ્થિત દુકાનો પર સોશિયલ ડીસ્ટન્સીંગ જળવાતુ નથી : ગ્રાહકોના મોં પર માસ્ક હોય છે પરંતુ સોશિયલ ડીસ્ટન્સીંગના અભાવે સંક્રમણની ચેઇન તોડવાનુ મુશ્કેલ : વેપારીઓ પણ જાગૃતતા દાખવે તે અનિવાર્ય : તંત્ર કક્ષાએથી પણ કોઇ પગલા લેવાતા નથી**

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગરમાં કોરોનાના પ્રકોપ વચ્ચે મોટાભાગના શોપિંગ બજારો બંધ છે. મોટાભાગના વેપારીઓ સ્વૈચ્છિક રીતે દુકાનો બંધ રાખવા માટે આગળ વધ્યા છે. જયારે જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ સહીત અન્ય કેટલીક દુકાનો ખુલ્લી જોવા મળે છે. કોરોનાના વધતા સંક્રમણની ચેઈન અટકાવવા માટે નગરજનો હાલ કામ સિવાય ઘરની બહાર નિકળતા નથી જયારે મોં પર માસ્ક પહેરવાનુ પણ ચુકતા નથી પરંતુ સેકટરોના શોપિંગ બજારોમાં સ્થિત દુકાનો પર હાલ સોશિયલ ડીસ્ટન્સીંગનો અભાવ જોવા મળી રહ્યો છે ત્યારે તંત્રએ આ મામલે પણ યોગ્ય કાર્યવાહી હાથ ધરવી જોઈએ તેવો સુર ઉઠવા પામ્યો છે. દુકાનો પાસે અગાઉની જેમ કુંડાળા કરવાનુ પણ ભુલાયુ છે. જેના લીધે ઘણીવાર બિનજરૂરી ભીડ થતી હોવાના દ્રશ્યો પણ જોવા મળે છે.

ગાંધીનગરમાં કોરોનાના કેસ રોજબરોજ વધી રહ્યા છે. ત્યારે રાત્રિ કરફ્યુ ઉપરાંત નગરજનો સ્વૈચ્છિક લોકડાઉનમાં જોડાતા સેકટરોમાં તેમજ નગરના મુખ્યમાર્ગો પર સન્નાટો છવાયેલો જોવા મળે છે. નગરના શોપિંગ બજારોમાં પણ જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ સિવાયની મોટાભાગની દુકાનો બંધ જોવા મળે છે. પરંતુ દવા , શાકભાજી અને કરિયાણા સહીતની ચીજવસ્તુઓની ખરીદી માટે દુકાન પર આવતા નાગરિકોમાં હજુ સોશિયલ ડીસ્ટન્સીંગનો ભારોભાર અભાવ જોવા મળે છે. કોરોનાના કહેર વચ્ચે નગરજનો માસ્ક પહેરવાનુ ટાળતા નથી. કોરોના સામે માસ્કથી રક્ષણ મળશે તે વાત નાગરિકોના ગળે ઉતરી ગઈ છે. પરંતુ બજારમાં ખુલ્લી રહેતી કેટલીક દુકાનો પર બિનજરૂરી ભીડ થતી હોવાના દ્રશ્યો પણ જોવા મળી રહ્યા છે.

આ દરમિયાન સોશિયલ ડીસ્ટન્સીંગ પણ જળવાતુ નથી જેના લીધે કોરોનાના સંક્રમણની ચેઈનને વેગ મળે છે. કોરોનાને અટકાવવા માટે પ્રારંભિક કાળથી જ માસ્ક સેનેટાઈઝેશન અને સોશિયલ ડીસ્ટન્સીંગનો મંત્ર સિધ્ધ કરવા માટે સતત અપીલ કરવામાં આવી રહી છે. ગત વર્ષે કોરોનાના કેસની શરૂઆત થઈ ત્યારે લોકડાઉન દરમિયાન પણ જરૂરી ચીજવસ્તુઓની ખરીદી માટે આવતા નાગરિકો સોશિયલ ડીસ્ટન્સીંગનુ યોગ્ય પાલન થાય તે માટે વધુ સતર્ક હતા જયારે આ માટે દુકાનો પાસે કુંડાળા પણ કરી દેવાયા હતા જયારે હાલ કોરોનાના કેસ આસમાને પહોંચ્યા છે. રોજબરોજ નવો આંકડો સામે આવી રહ્યો છે.

આવા સંજોગોમાં સેકટરોમાં મોટાભાગે દુકાનો બંધ જોવા મળે છે. નાગરિકો પણ સ્વયં લોકડાઉન પાળવાના અભિગમને અપનાવ્યો છે. પરંતુ કેટલીક દુકાનો પાસે બિનજરૂરી ભીડ થાય છે. આવા સંજોગોમાં સોશિયલ ડીસ્ટન્સીંગ જળવાતુ નથી. જેમાં મેડિકલ તેમજ કરિયાણાની દુકાનોનો પણ સમાવેશ થાય છે. હાલ એક વ્યકિત અન્યના સંપર્કમાં ન આવે તેમજ ઘરે જ રહે તે માટે પણ સતત અપીલ કરવામાં આવી રહી છે. બીજીતરફ માસ્કની સાથે સોશિયલ ડીસ્ટન્સીંગ જળવાય તે માટે તંત્ર કક્ષાએથી પણ કોઈ કડક કાર્યવાહી કરવામાં આવતી ન હોવાનો જન આક્રોશ ઉઠવા પામ્યો છે.

# સેકટરોની શેરીઓ અને કોમન પ્લોટમાં પણ ગજબનો સન્નાટો

**કાળમુખા કોરોનાથી સેકટરવાસીઓમાં ભારે ફફડાટ : ઘરે રહો સુરક્ષિત રહોનો મંત્ર અપનાવી લીધો છે : સાંજના સમયે બાળકોની કલરવથી ગુંજતી સેકટરોની શેરીઓ પણ સુના પડી ગઇ**

ગાંધીનગર તા ૨૯

કાળમુખા કોરોનાના સંક્રમણની ચેઈન તોડવા માટે નાગિરકો જાગૃત બન્યા છે. સેકટરોમાં સ્વયંભુ લોકડાઉનની અસરથી સન્નાટો જોવા મળી રહ્યો છે. નગરમાં મોટાભાગની દુકાનોએ પણ તાળા વાગેલા છે. જયારે આડા દિવસોમાં બાળકોના કલરવથી ગુંજતી સેકટરોની શેરીઓ અને કોમન પ્લોટમાં પણ સુનકાર છવાયો છે.

ગાંધીનગરમાં કોરોનાનુ સંક્રમણ વધતા પરિસ્થિતિ ગંભીર છે. નાગરિકો ઘરની બહાર નિકળતા નથી. કોરાનાથી બચવા માટે ઘરમાં રહેવાનુ જ સુરક્ષિત છે તેના સિવાય અન્ય કોઈ વિકલ્પ પણ નથી. હોસ્પિટલમાં જગ્યા નથી. જયારે હોમ કવોરન્ટાઈન દર્દીઓને પુરતી દવા અને ઈન્જેકશન પણ નસીબ થતા નથી જેના લીધે આમ નાગરિકોમાં ભયનો માહોલ વધ્યો છે. કોરોનાના કહેરથી નગરજનોમાં ફફડાટ છે. આકરી ગરમીની સાથે કોરોનાનો મિજાજ પણ આક્રમક છે. ત્યારે સેકટરવાસીઓ ઘરમાં પુરાયેલા છે.

કોરોનાના ઘાતક બનતા સેકટરવાસીઓ સતત ભય નીચે જીવી રહ્યા છે. શહેરમાં સ્વૈચ્છિક લોકડાઉનના અભિગમ વચ્ચે શોપિંગ બજારો અને મુખ્યમાર્ગો પર વિશેષ ચહલ પહલ જોવા મળતી નથી. શહેરના સેકટરોમાં રીંગ રોડ તેમજ આંતરિક માર્ગો પર પણ દિવસ દરમિયાન ખાલીપો જોવા મળે છે. એટલુ જ નહીં. આડા દિવસોમાં સેકટરોની શેરીઓ અને કોમન પ્લોટમાં રમતા બાળકો પણ ઘરમાં પુરાયેલા છે. સેકટરોના કોમન પ્લોટ અને ગલીઓમાં ગજબનો સન્નાટો જોવા મળી રહ્યો છે. કાળમુખા કોરોનાને મ્હાત કરવા માટે શહેરીજનો સ્વયં શિસ્ત દાખવી રહ્યા છે. સાંજના કે સવારના સમયે વોકીંગ પણ જવાનુ નાગરિકો ટાળી રહ્યા છે. શહેરીજનો ઘરમાં પુરાઈ ગયા છે.

## વડનગરા નાગર ગૃહસ્થ નિધન



મૂળ અમદાવાદના, હાલ ગાંધીનગર સ્થિત **શ્રી પરેશ દ્રુપદલાલ ધ્રુનું** તા. ૨૯/૪/૨૦૨૧ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

**હાલના કોરોના મહામારીની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ઉઠમણું રાખેલ નથી.**

જાહ્નવી (ખુશ્મન) પરેશ ધ્રુ (પત્નિ)
જપન પરેશ ધ્રુ (પુત્ર)
સૌ. હેતલ જપન ધ્રુ (પુત્રવધુ)
પ્રિશા જપન ધ્રુ (પૌત્રી)

## ટેલિફોનિક બેસણું



અમારા પૂજનીય પિતાશ્રી **કે. પી. સોલંકી (રાયસણવાળા)** ઉ.વ. ૭૧, ગાંધીનગર, સેક્ટર-૭, તા. ૨૬/૪/૨૦૨૧ને સોમવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે.

સદ્દગતનું ટેલિફોનિક બેસણું તા. ૨/૫/૨૦૨૧ને રવિવારના રોજ અમારા નિવાસસ્થાન રાયસણ, જિ. ગાંધીનગર, સોલંકી નિવાસ મુકામે રાખેલ છે.

પિન્કેશ કે. સોલંકી (લંડન)-પુત્ર
રમેશભાઈ પી. સોલંકી - ભાઈ
જયંતિભાઈ પી. સોલંકી-ભાઈ
જગદીશભાઈ પી. સોલંકી-ભાઈ
નિરંજન ડી. સોલંકી - જમાઈ
હિતેશકુમાર વી. પુરબીયા-જમાઈ
દિપકકુમાર બી. સોલંકી - ભત્રીજા જમાઈ
અનિતાબેન એન. સોલંકી - દિકરી
પુનિતાબેન એચ. પુરબીયા-દિકરી
પલ્લવીબેન ડી. સોલંકી-ભત્રીજી

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com